# દેવના ટોળાને વિશ્વાસ અને નમ્રતા સાથે દોરો.

ગીદિયોન, એક નમ્ર આગેવાન દેવના સામર્થ્ય પર ભરોસો રાખતો હતો.


**પ્રાર્થના :** વહાલા પ્રભુ, જેના સૈનિકો માટલામાં અગ્નિ લઈને લડયા તે ગિદિઓનની જેમ તમારા પર વિશ્વાસ કરવા આ બાળકોની સહાય કરો.

બાળકોની જરૂરીયાત અને તેમની પરિપકવતાની કક્ષા પ્રમાણેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ પસંદ કરો.

**ન્યાયા.** ૭માંથી શિક્ષક અથવા મોટો છોકરો ગિદિયોનની વાર્તા વાંચી અથવા કહી જા.

- બાળકોને સમજાવો કે મિદ્યાની લોકો ઈસ્ત્રાએલલ રાજ્ય ઉપર ચઢી આવવા અને દરેક કિંમતી વસ્તુઓ લૂંટી જતા.
- દેવ મિદ્યાનીઓનો ઉપયોગ તેના લોકને શિક્ષા કરવા માટે કરતો કારણ કે તેઓ મૂર્તિપૂજા કરતા હતા.
- આ વાર્તા બતાવે છે કે એક માણસે દેવના લોકોને કેવી રીતે વિજયમાં દોર્યા, કારણ કે તે દેવ પર ભરોસો રાખતો હતો.

વાર્તા કહી રહ્યા પછી ન્યાયા. ૭ ના આ **પ્રશ્નો પૂછો.**



દેવે શા માટે ગભરાઈ રહેલા લોકોને ઘેર પાછા મોકલી દેવાનું કહ્યું ? (ક. ૨)

- લડાઈમાં પોતાની સાથે કેવા લોકોને રાખવા તે વિષે દેવે ગિદિયોનને કેવી રીતે જણાવ્યું ? (ક. ૭ સારા સૌનિકોએ પાણી પીતા પોતાના માથા છેક નમાવી દીધા નહિ. તેઓએ હાથ વડે પાણી પીતા આજુબાજુ ધ્યાન રાખવાનું ચાલુ રાખ્યું.)
- તેમના શત્રુઓને એવું ક્યું સ્વપ્ન જોયું જેનો અર્થ તો લડાઈ ગુમાવશે તેવો થતો હતો (ક. ૧૩-૧૫)
- ઈસ્ત્રાએલી સૈનિકો કઈ ત્રણ વસ્તુઓ પોતાની સાથે લઈ ગયા ? (૧૬)
- દુશ્મન લશ્કરને હરાવવા દેવે ૩૦૦ સૈનિકોનો કેવી રીતે ઉપયોગ કર્યો ? (ક. ૨૦ તેઓએ પોતાની પાસેના માટલા ફોડી નાખ્યા. તેમાં બળતી મશાલો હતી. આ સાથે તેમણે રણશિંગડા વગાડ્યા. એકાએક પ્રગટેલી મશાલો અને અવાજોથી શત્રુઓ ગુંચવાઈ ગયા અને અંધારામાં તેઓ અંદર અંદર લડી પડયા)

ગિદિયોનની જીતનું **નાટક (કેટલાક ભાગોનું) બનાવો.**

- ભજનસેવાના આગેવાન પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો.
- બાળકોને શિક્ષણ આપતી વખતે નાટક તૈયાર કરો.
- મોટા બાળકો નાનાઓની સહાય કરે.
- મોટા બાળકો કે સભાજનો આ પાત્ર ભજવે.
  **વર્ણન કરનાર** કે વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો યાદ રાખવામાં સહાય કરે,
  **દેવનો અવાજ,**
  **ગિદિયોન** - તે પોતાની પાસે વસ્તુઓ કે ચિત્રો રાખે જે રણશિંગડા, ઘડો, મશાલોને દર્શાવે.
  **મિદ્યાનીઓ** - સૈનિકા
- નાના બાળકો આ પાત્રો ભજવે

  **ગભરાતા સૈનિકો**
  **બેકાળજી સૈનિકો** - હાથમાં પ્યાલુ રાખે
  **સાવધ સૈનિકો**

**શત્રુ સૈનિકો** - તેમની પાસે ભાલા કે તલવારો હોય.

**વર્ણન કરનાર** : ન્યાયા. ૭ : ૧ -૮માંથી વાર્તાનો પ્રથમ ભાગ કહે . પછી બોલે સાંભળો દેવ ગિદિયોનને શું કહે છે ?

**દેવનો અવાજ** : તારી પાસે ઘણા બધા સૈનિકો છે ઈસ્ત્રાએલી લોકો મનમાં કહેશે કે આ યુદ્ધ અમે અમારા બળથી જીત્યા છીએ. તેમને કહે, 'જેઓ ગભરાતા હોય તેઓ પાછા પોતાના ઘેર જઈ શકે છે.' બાકીનાઓ નાળામાંથી પાણી કઈ રીતે પીવે છે તે જો. જેઓ પાણી પીતી વખતે પણ સાવધ રહે છે તેઓને જ લડાઈમાં સામેલ કરે.'

**ગિદિયોન** : તમારામાં જેઓ યુદ્ધથી ગભરાતા હોય તેઓ પાછા જતા રહો. અને બાકીના આ વહેળામાંથી પાણી પીએ.

**ગભરાએલા સૈનિકો :** થથરે છે. કહે છે, 'મને તો બહુ બીક લાગે છે હું ઘેર જાઉં છું.' (જતા રહે છે)

**બેકાળજી સૈનિકો** : પોતાનો કટોરો જમીન પર મૂકે અને વહેળા સુધી મોં નમાવીને કૂતરાની જેમ ચાટતા પાણી પીતા હોય તેવા અભિનય કરે. તેઓ જોરથી બોલે, 'હું આ રીતે પાણી પીવાને કારણે સાવધ રહીને આમતેમ જોવાનું ભૂલી ગયો !' કટોરો ત્યાં જ મૂકીને ચાલ્યા જાય છે. સાવધ સૈનિકો હાથમાંનો કટોરો વહેળામાં ડૂબાડીને તેમાં પાણી ભરીને ઊભા ઊભા પીવે છે અને બોલે છે 'પાણી પીતા પણ હું આજુબાજુ ધ્યાન રાખું છું. હવે અમે ૩૦૦ સૈનિકો જ રહ્યા છીએ, પણ દેવ અમને વિજય અપવાવી શકે છે!'

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ ન્યાય. ૭ :૯ - ૧૯ ઉપરથી કહે પછી બોલકે, સાંભળો, દેવ ગિદિયોનને શું કહે છે.

**દેવનો અવાજ** : દુશ્મનોની છાવણીએ જાઓ અને તેઓ શું વાત કરે છે તે સાંભળો.

**ગિદિયોન** : ઊઠીને શાંત રીતે મિદ્યાનીઓની છાવણીની પાછળના ભાગમાં જઈને કાન આગળ હાથ લઈ જઈને સાંભળવાનો અભિનય કરે.

**એક મિદ્યાની સૈનિક :** વાત કરે છે 'મને સ્વપ્ન આવ્યું હતું. મારા તંબુ ઉપર એક નાની ગોળ રોટલી પડી અને મારા તંબૂનો નાશ થઈ ગયો એનો અર્થ એટલો જ કે આપણે આ યુદ્ધ હારીશું.

**ગિદિયોન** : પાછો પોતાના સૈનિકો પાસે જાય છે. અને કહે છે, 'ઈસ્ત્રાએલી સૈનિકો, દેવે મને બતાવ્યું છે કે તે આપણને આ યુદ્ધ જીતવામાં સહાય કરશે અને રણશિંગડા અને માટલામાં બળતી મશાલો લો અને આપણે તેમની છાવણીમાં પહોંચીએ ત્યારે રણશિંગડા વગાડશો અને માટલા ફોડી નાખજો.

**વર્ણન કરનાર** : વાર્તાનો ત્રીજો ભાગ ન્યાય. ૭ :૨૦-૨૨ પ્રમાણ કહે છે, પછી બોલે, 'સાંભળો, ગિદિયોન શું કહે છે.'

**ગિદિયોન** : પોકારે, 'વગાડો'

**સૈનિકો** : રણશિંગડા વગાડે છે અને માટલા ફોડી નાખે છે અને મશાલોને ઊંચી પકડે છે અને જોરથી પોકારે છે, યહોવાહની અને ગિદિયોનની તલવારની જે !'


**દુશ્મન સૈનિકો** : આ અણધાર્યા કોલાહલથી ગુંચવાઈ જાય છે અને અંદર અંદર એકબીજા સાથે લડવા માંડે છે. તેઓ બૂમો પાડે, 'બહુ અંધારુ છે, કંઈ દેખાતું નથી' 'આ કોલાહલ શેનો છે ?' 'પેલી મશાલો શેની છે ?' આપણી ચારેબાજુ તો જૂઓ ?' 'દુશ્મનો આપણી અંદર આવી ગયા છે ! ભાગો - ભાગો !' તેઓ ત્વરાથી ભાગે છે.

વર્ણન કરનાર કે મોટો બાળક નાટક પૂરુ થયાની જાહેરાત કરે અને ભાગ લેનાર સર્વનો આભાર માને.

**પ્રશ્નો પૂછો** - જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો ઉપર આપેલા પ્રશ્નો પણ પૂછવા.

આપણે નિર્બળ હોવા છતાં જો આપણે પ્રભુ પર વિશ્વાસ રાખીએ તો દેવ આપણો ઉપયોગ કરી શકે છે તેના બીજા ઉદાહરણો ની **ચર્ચા કરો.**

સભાજનો અથવા બાળકો ઉદાહરણો આપે. એક માટલામાં મશાલ હોય તેવું **ચિત્ર દારો.**



- બાળકો તેની નકલ કરે.
- બાળકો આ ચિત્ર સભાજનોને કે માબાપને બતાવે.
- બાળકો આ સાથે સમજાવે કે નિર્બળ હોવા છતાં દેવ પર વિશ્વાસ રાખનારનો દેવ ઉપયોગ કરે છે.

બે કે વધારે બાળકો ગી.શા. ૨૩ ની કલમો મોઢે બોલી જાય.

માર્ક ૯ :૩૫ **મુખપાઠ કરો.**

ગિદિયોનની માફક વિશ્વાસથી દોરાવા ઉપરનું ગીત કે નાટક મોટા બાળકો લખે. તેઓ અઠવાડીયા દરમ્યાન આ કરે.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, તમે સર્વ સમર્થ છો. તમે હંમેશો શત્રુ સામે જીત પામો છો. અમે નિર્બળ છીએ પણ તમારા સામર્થ્ય ઉપર વિશ્વાસ કરીએ છીએ, પછી ગમે તે થાય. ખ્રિસ્ત મારફતે અમે વિજેતા થઈશુ.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.